ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

<u>અખબારી યાદી</u> તા: ૧૨/૩/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
ભાવનગર.

## વિશ્વના પ્રથમ સોલાર ઈમ્પલ્સ –૨ વિમાનની મુલાકાતે પહોંચેલ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરની ટીમ

અમદાવાદ એરપોર્ટ પર મંગળવારે રાત્રે ૧૧:૪૦ કલાકે વિશ્વનું પ્રથમ સોલાર વિમાન જે ઈંધણ વગર સૌર ઉર્જાથી ઊડતું **<u>સોલાર ઈમ્પલ્સ–૨ પ્લેન</u>** ઊતર્યું હતું. જે ત્રણ દિવસ માટે અમદાવાદનું મહેમાન બનેલ છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરની ટીમ જેમાં સાયન્સ કોમ્યુનીકેટર ગોપીકા દવે તથા ગુજકોસ્ટ સાયન્સ કલબમાં જોડાયેલ શાળાના અમુક શિક્ષકો તથા વિદ્યાર્થી ને તા.૧૨ માર્ચ ને ગુરૂવારના રોજ સવારના ૯.૦૦ કલાકે અમદાવાદ એરપોર્ટ પર **<u>સોલાર ઈમ્પલ્સ–૨ પ્લેન</u>** નિહાળવાની અનેરી તક મેળવેલ. ટીમ દ્વારા **<u>સોલાર ઈમ્પલ્સ–૨ પ્લેન</u>** અંગેની તમામ વિગતો તેના ટેકનીશીયનો પાસેથી મેળવી હતી.

આ વિમાનની ૭૦ મીટર લાંબી પાંખ પર લગાડેલ લાઈટની હરોળથી જાણે આભમાં વિશાળ પક્ષી ઉડી રહયું હોય તેવું અદભૂત દ્રશ્ય સર્જાય છે. આ વિમાનની બનાવટમાં ૧૭,૦૦૦ સોલાર સેલનો ઉપયોગ કરવામાં આવેલ છે. જેનું વજન ૨૩૦૦ કિ.ગ્રા. છે. જે ૬૦ ની ઝડપે ઉડી શકે છે. આ પ્લેનની ખાસ વિશિષ્ટતા એ કે તે -20 થી 50° C તાપમાનની જરૂર પડે છે. આ પ્લેનની શોધ કરવામાં ૧૮ દેશની R & D ટીમે ભાગ લીધો હતો. આ પ્લેનની બનાવટમાં ૧૫૦ અબજ ડોલરનો ખર્ચ થયેલ છે. જે પાંચ મહિના દરમિયાન વિશ્વભરમાં ૩૫૦૦૦ હજાર કિ.મી.નું ઉડ્ડયન કરશે. ભારતમાં માત્ર બે સ્થળે અમદાવાદ અને વારાણસી ખાતે આ વિમાનના સ્ટોપેજ આપેલા છે.

સમગ્ર કાર્યક્રમનું સંકલન સંસ્થાના ચેરમેન ડૉ.ભાવેશભાઈ ભરાડે કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા લોક વિજ્ઞાન કેન્દ્રની ટીમે ભારે જહેમત ઉઠાવેલ.

P. P. Trivedi
(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર